

ઘ-પનું ગંદકી બજાર - સ્વચ્છ ગાંધીનગર - સ્વસ્થ ગાંધીનગરની ઝુંબેશની તીવ્ર બનાવતા તંત્રની સામે નીતનવા પડકારો ઉભા થાય છે... સ્વચ્છતાથી અને સ્વસ્થતા પૂર્વક શહેરનો આમઆદમી ખાણીપીણી બજારની મોજ માણી શકે તેવા ઉમદા હેતુથી તંત્ર દ્વારા સરસ મજાનું મીની ખાણીપીણી બજારનું નિર્માણ કરાયું... નિયમો ઘડાયા... દરેકને દુકાનો અપાઈ... અને સ્વચ્છતા આગ્રહ રખાયો પરંતુ આ ઘ-પનું ખાણીપીણી બજાર આજકાલ ગંદકી બજારમાં પરિવર્તિત થયું છે... દુકાનદારો ખાણીપીણીની વધેલી - ઘટેલી ચીજવસ્તુઓ આડેધડ ગટરમાં પધરાવતા ગટર ચોકઅપ થઈ જાય છે... અને વારંવાર ગટર ઉભરાતા ગંદકીના ગોટેગોટ સર્જાતા હોય છે... સરકારે પણ કડક થવું જોઈએ અને દુકાનદારોએ પણ જવાબદારીપૂર્વક નિયમોનું પાલન કરવું જોઈએ... દરેકેદરેક દુકાનની હાલત એવી ભંગાર કરી દેવાઈ છે કે, પાટનગરના ખાણીપીણી બજારની ઓળખ આપતા માથુ શરમથી ઝુકી જાય છે... આ ઉપરાંત દુકાનોમાં ઢોર-ઢાખર, માખી-મચ્છરનો પણ ઉપદ્રવ ચિંતા ઉપજાવે છે... દુકાનદારો પોતાની જાતે જ પોતાના પગ પર કુહાડી મારી રહ્યા છે... બાકી હોય એમ દુકાનની બહાર દબાણ પણ ઉભુ કરી દેવામાં આવ્યું છે... પ્લાસ્ટીકના શેડ પણ બનાવી દેવામાં આવ્યા છે... આ ખાણીપીણી બજારની સુંદરતામાં સોનાની થાળીમાં લોઢાની મેખ બરાબર દૃષ્ટિગોચર થાય છે...

## હા... સાહેબ !

"ચોમાસુ જામી ગયુ ને..!"

"ક્યાં... સાહેબ... વરસાદ જ ક્યાં મન મુકીને વરસે છે, અહીં તો કોરૂ ધાકોર છે. જ્યાં પડે છે ત્યાં અનરાધાર પણ... કોણ જાણે અમે જ કમનસીબ..!"

"અરે... ભાઈ, આટલુ બધુ મન પર ના લેવાય. આવશે... આવશે... આજ નહી તો કાલ... અને એમાં નસીબ કમનસીબની વાત ના હોય. વાયુમંડળમાં સર્જાતા દબાણોને આધારે ક્યાંક વરસાદ પડે અને ક્યાંક ન પડે. બહુ સિમ્પલ છે..!"

"ના... ના... સાહેબ, અમારે ઉત્તર ગુજરાત અને ગાંધીનગર અળખામણું હોય એમ દર વખતે જાણે રાહ જ જોવાની હોય છે. આખા ગુજરાતમાં પૂર આવે, મૌસમનો ૮૦-૮૦ ટકા વરસાદ પડે પછી અહીં શરૂ થાય. આ કમનસીબી જ છે ને..!"

"ઓ હો હો..., તમને તો ભગવાન પર પણ ખોટુ લાગી ગયુ."

"ખોટુ તો ક્યાં લગાડીએ. આ તો મનનો બળાપો કાઢીએ. આજુબાજુવાળા લહેર કરતાં હોય અને આપણે બે ટંકે પામતા ના હોઈએ ત્યારે સાહેબ ભલભલાને ડીપ્રેશન આવે."

"ખરાં તમે તો ભાઈ, વરસાદ ના પડે એમાં તો ડીપ્રેશન સુધી પહોંચી ગયા."

"એટલે મારૂ કહેવુ એમ છે કે ડીપ્રેશન આ સંજોગોમાં આવે અને આ સ્થિતિ માત્ર વરસાદની નથી, જગત અને જીવનમાં ચારેકોર છે. જ્યાં છે ત્યાં ઢગલાં છે અને જ્યાં નથી ત્યાં મુઠ્ઠી ધાન પણ નથી."

"બસ મારે એ જ કહેવુ છે. અસમાનતાની વિષમતા લાંબેગાળે અસંતોષની આગમાં પરિણમે છે અને એમાંથી સર્જાતી નિરાશા ગતિ-પ્રગતિમાં અવરોધક બને છે. પછી એ વ્યક્તિ હોય કે વ્યક્તિ સમૂહ હોય."

"... પણ, ઉકેલ તો કંઈક હોય ને. જગતમાં દરેક સમસ્યાનો ઉકેલ હોય છે એમ આનો પણ કંઈક ઉકેલ તો હશેને..."

"હા... જરૂર... હોય જ અને છે. અસમાનતા ઘટાડવા માટેના પ્રામાણિક પ્રયાસો કરાય તો પરિણામ સુધી પહોંચી શકાય છે. પછી એ આર્થિક હોય કે સામાજિક અસમાનતા, શૈક્ષણિક હોય કે ધાર્મિક અસમાનતા, જો સમજણનો સદ્‌ગુણ વિકસાવાય તો જરૂર અસમાનતા ઘટાડી શકાય અને ઘટી જાય એ હકીકત છે."

"હા... સમજ્યો પણ આની રીત કઈ ? કઈ રીતે સમજણ વધે."

"ખરૂ છે હો આજે છોડશો નહી એમ લાગે છે. જે આગળ છે એણે ઉદાર બનવુ જોઈએ અને જે પાછળ છે એણે પ્રાપ્તિ માટે પ્રામાણિક પુરૂષાર્થ કરવો જોઈએ. આ માત્ર કર્મની વાત નથી. વાણી, વિવેક અને વર્તનથી પણ અસમાનતા ઘટાડી શકાય છે."

"અરે વાહ... સાહેબ આપે તો વાત વાતમાંથી ગુરૂમંત્ર આપી દીધા. ગુરૂપૂર્ણિમા નજીક છે એટલે કે શુ..?"

"ના... ભાઈ... ના ગુરૂમંત્ર આપવાની મારી કોઈ હેસીયત નથી. આ તો જીવન મંત્ર છે. વિચાર, વાણી અને વર્તનથી માણસ-માણસ સાથે જોડાયેલો રહે તો સમસ્યાનો સરવાળો શુન્ય થઈ જાય."

"હા... હા... હા... એકદમ સાચી વાત છે. અસમાનતાની વાતો કરતા કરતાં વરસાદની વાતો તો ભુલી જ ગયા. ક્યારે આવશે અહીંયા વરસાદ ?"

"હજુ એકાદ અઠવાડિયાની રાહ જોવી પડે એમ છે."

"અરે એમ થાય તો તમારા મોં મા ઘી-સાકર..."

"હા... સાહેબ... હા."

# રંગમંચના ભાડા અને વહીવટીય ચાર્જમાં ૧૦૦ ટકાનો વધારો ઝીંકાયો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકે રંગમંચના ભાડામાં ૧૦૦ ટકાનો તેમજ વહીવટીય ચાર્જમાં પણ ૧૦૦ ટકાનો ભાડા વધારો કરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે.

રંગમંચના ભાડા પેટે રૂ. ૧૦ હજાર અને વહીવટીય ચાર્જ જે રૂ. ૧ હજાર લેવામાં આવતો હતો તેમાં ૧૦૦ ટકાનો વધારો કરવાનો નિર્ણય કર્યો છે. હવે રગમંચનું ભાડુ રૂ. વીસ હજાર તેમજ વહીવટીય ચાર્જ રૂ. બે હજાર તેમજ આ માટેની ડિપોઝીટની રકમ પણ રૂ. ૨૦ હજાર લેવાનો નિર્ણય કરી સૌને ચોંકાવી દીધા છે. મોંઘા પાર્ટી પ્લોટ સાથે રંગમંચ એ પાટનગરમાં કર્મચારીઓ માટે સગવડનું કેન્દ્ર બની ઉભરી રહ્યા હતા. રંગમંચોના ભાડામાં ઝીંકાયેલા આ ભાડા વધારાને કારણે સામાજિક સંગઠ્ઠનો તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો કરતી સંસ્થાઓ પણ ચોંકી ઉઠી છે અને આ ભાડા વધારાની વિપરીત અસરો થશે તેમ મનાઈ રહ્યું છે. આજે મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની મળેલ બેઠકમાં કામચલાઉ લેન્ડફિલ્ડ સાઈટ ખાતે ઉભા કરાયેલ બાયોગેસ પ્લાન્ટની મરામત અને જાળવણી માટે નવેસરથી ટેન્ડરીંગ કરવા ઉપરાંત જાહેર માર્ગો પર મુકવામાં આવનાર ડસ્ટબીનો માટે પણ અલગથી ટેન્ડર જારી કરી ભાવ મંગાવવા માટે કમિશનરને સુચનાઓ આપી છે. મનપાની સ્થાયી સમિતિએ ચોમાસાનો આરંભ થઈ ગયા પછી હવે ટ્રી ગાર્ડ ખરીદવાનો પણ નિર્ણય કર્યો છે. જો કે મનપા જાતે ૨૫ હજાર વૃક્ષનું વાવેતર કરવાનું છે એટલે ટ્રી ગાર્ડમાં વૃક્ષ સલામત રહે તે જરુરી છે. અગાઉ ખરીદાયેલા ટ્રી ગાર્ડનો હિસાબ પણ મળતો નથી જે વાતે નગરજનોમાં ભારે ચર્ચાઓ જાગી છે. ગાંધીનગર શહેર એક તબક્કે ગ્રીનસીટી ગણાતું હતું પરંતુ મનપાની રચના અગાઉથી જ આ સ્થિતિ હવે રહી નથી. વૃક્ષ બચાવવા માટે શહેરમાં આંદોલનો શરૂ થયા છે જે નોંધનીય છે.

## સ્થાયી સમિતિની બેઠકમાં લેવાયેલો નિર્ણય : જાહેર માર્ગો પર ડસ્ટબીન મુકવા માટે ટેન્ડરીંગ કરાશે

# ચોમાસામાં સ્ટ્રીટ લાઈટોની ફરિયાદો નિવારવા માટે બે ટીમ કાર્યરત

## બંધ સ્ટ્રીટ લાઇટોની ફરિયાદો દુર કરવા માટે ઓન સ્ક્રીન મોનીટરીંગ

ગાંધીનગર તા ૧૭

શહેરમાં ચોમાસા દરમિયાન સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતી હોવાની ફરિયાદો વધે છે. જયારે સેકટરોમાં બંધ સ્ટ્રીટ લાઈટો આમ નાગરિકો માટે શિરદર્દ સમાન સમસ્યા હોવાથી રહીશો ઘણીવાર રજુઆત કરીને પણ થાકી જાય છે. આવા સંજોગોમાં સેકટરોમાં બંધ સ્ટ્રીટ લાઇટોની ફરિયાદ નિવારવા ઓન સ્ક્રીન મોનીટરીંગ કરવામાં આવે છે. જયારે વરસાદી દિવસોને અનુલક્ષીને સ્ટ્રીટ લાઈટોની ફરિયાદોને ડામવા માટે બે ટીમ બનાવી દેવામાં આવી છે.

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન સ્ટ્રીટ લાઈટો ડુલ થવાની ફરિયાદો વધી જાય છે. નવી એલ ઈ ડી લાઇટનો પ્રોજેકટ અમલી બન્યા બાદ પણ સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો બંધ રેહતી હોવાની બુમ ઉઠવા પામે છે. જેને અનુલક્ષી સ્ટ્રીટ લાઈટની જાળવણીની જવાબદારી સંભાળતા તંત્ર દ્વારા બંધ લાઈટોનુ ઓન સ્ક્રીન મોનીટરીંગ કરવામાં આવી રહયુ છે. જયારે સ્ક્રીન પરથી મળતી માહીતી મુજબ પણ લાઈટોની ફરિયાદો નિવારવા માટે ટીમ કામે લાગે તેવુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે આ ઉપરાંત વરસાદી દિવસોમાં સ્ટ્રીટ લાઈટોની ફરિયાદના નિવારણ માટે બે ટીમ પણ તંત્ર દ્વારા બનાવાઈ છે. હાલની સ્થિતિએ તંત્રને સેકટરોમાં ૨૦ થી વધુ સ્ટ્રીટ લાઈટો ડુલ હોવાની ફરિયાદો મળે છે. જયારે સુત્રોના જણાંવ્યા મુજબ આ ફરિયાદો નિવારવા માટે ત્વરિત કામગીરી પણ હાથ ધરવામાં આવે છે . સામાન્ય રીતે વરસાદના છાંટણા અડતા જ સ્ટ્રીટ લાઈટો ડુલ થતી હોવાનુ પણ સેકટરોમાં ધ્યાને આવે છે. આવા સંજોગોમાં એલ ઈ ડી લાઈટના પ્રોજેકટના અમલ બાદ આ ફરિયાદોનુ પ્રમાણ ઘટયુ હોવાનુ પણ તંત્રએ જણાંવ્યુ છે. પરંતુ ચોમાસા દરમિયાન સ્ટ્રીટ લાઈટોની ફરિયાદોનુ ત્વરિત નિવારણ આવે તેવી વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. આ માટે તંત્ર દ્વારા બે ટીમો બનાવવામાં આવી છે. કન્ટ્રોલ રૂમને મળતી ફરિયાદ મુજબ લાઈટ ચાલુ કરવા માટે આ ટીમ કામે લાગે છે. જયારે સ્ટ્રીટ લાઈટની જવાબદારી

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા પંચાયતની સામાન્ય સભા ૧૦મી ઓગષ્ટના રોજ મળશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા ૧૦મી ઓગષ્ટના રોજ પંચાયત ભવનના સરદાર પટેલ હોલમાં મળશે. જિલ્લા પંચાયતના નવા વરાયેલા પ્રમુખ શ્રીમતી મંગુબેન પટેલ (ચૌધરી)ના અધ્યક્ષપદે આ પ્રથમ બેઠક મળી રહી છે. આ બેઠક માટેનો એજન્ડા એકાદ બે દિવસમાં સભ્યોને રવાના કરી દેવામાં આવશે તેમ પંચાયતના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે આ બેઠકમાં જિલ્લામાં પાણીજન્ય રોગચાળાની સ્થિતિ, વરસાદ ખેંચાતા ઉભી થયેલી સ્થિતિને પહોંચી વળવા ધારેલા પગલાં તેમજ સમિતિઓની રચનાનો મુદ્દો હાથ પર લેવાશે. જિલ્લા પંચાયતની છ જેટલી સમિતિઓની મુદત ઓગષ્ટના પ્રથમ પખવાડિયાને અંતે પૂર્ણ થઈ રહી છે એટલે સમિતિઓની રચના નવેસરથી કરવામાં આવશે. સમિતિઓની રચનાને લઈ પક્ષ દ્વારા સભ્યોના મન જાણવા માટે એક અલાયદી બેઠક બોલાવવામાં આવશે. જેમાં નિરીક્ષકો ઉપરાંત જિલ્લાના આગેવાનો પણ હાજરી આપશે. પંચાયતમાં સમિતિઓની રચનાને લઈ હાલ સભ્યોમાં પણ રાજકીય ઉત્તેજનાઓ જોવા મળી રહી છે. જો કે સભ્યોએ તેમના રાજકીય ગોડફાધરો સાથેની બેઠકો અને સંપર્કો વધારી સ્થાન નિશ્ચિત કરવા માટે દોડાદોડ ચાલુ કરી દીધી છે. જિલ્લામાં આરસોડિયા, ધારીસણા અને અંબાપુરમાં થયેલા પાણીજન્ય રોગચાળાનો મુદ્દો તેમજ શાળાઓની મરામતનો મુદ્દો ઉપરાંત આરોગ્ય કેન્દ્રોની મરામતનો મુદ્દો આંગણવાડી કેન્દ્રોના નિર્માણ-મરામતનો મુદ્દો પણ બેઠકમાં છવાયેલો રહેશે તેમ મનાઈ રહ્યું છે.



સમસ્યાના શ્રીગણેશ - શહેરમાં રવિવારે રાત્રે માત્ર દોઢ ઈંચ વરસાદ પડતા અનેક સ્થાનો પર ભુવા નજરે પડ્યા હતા... જો દોઢ ઈંચ વરસાદમાં જ આ દશા સર્જાતી હોય તો દસ ઈંચ વરસાદ પડે તો કેવી હાલાકી ઉભી થાય એની કલ્પના માત્ર થથરાવી નાખે છે... સેક્ટર-પના આંતરિક માર્ગ પર મોટોમસ ભુવો પડતા વાહન ચાલકોને ભારે હાલાકી અનુભવાઈ હતી....

# ૧૪મા નાણાં પંચના અંતિમ વર્ષમાં પ્રથમ હપ્તા પેટે રૂ. ૧૭.૫૦ કરોડની ગ્રાન્ટ મળી

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ૧૪મા નાણાં પંચના અંતિમવર્ષના પ્રથમ હપ્તા પેટે રૂ. ૧૭.૫૦ કરોડની ગ્રાન્ટ ફાળવી આપવામાં આવી છે.

૧૪મા નાણાં પંચની ભલામણ મુજબ હવે આ રકમ જિલ્લા પંચાયત દ્વારા સીધે સીધી વસ્તીના માપદંડ પ્રમાણે ગ્રામ પંચાયતોને ફાળવી આપવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

જિલ્લામાં ૧૪મા નાણાં પંચ અંતર્ગત અત્યાર સુધીમાં ૭૯ કરોડથી વધુની રકમ મળી ચુકી છે. આ ગ્રાન્ટમાંથી ૨૦૦૦થી વધુ વિકાસના નાના નાના કામો હાથ ધરવામાં આવ્યા છે જે પણ લગભગ પૂર્ણ થઈ ગયા છે. થોડાક કામો જે હાલ પ્રગતિ હેઠળ છે તે તાકીદે પૂર્ણ કરવા માટે પંચાયતોને સૂચના આપી દેવામાં આવી છે.

જિલ્લામાં ૧૪મા નાણાં પંચની ભલામણ અંતર્ગત પંચાયતોને તેમણે કરેલા ખર્ચ અને આવકમાં થયેલ વૃધ્ધિના મૂલ્યાંકનને આધારે પરફોર્મન્સ ગ્રાન્ટ પણ ગ્રામ પંચાયતોને ફાળવવામાં આવે છે જે નોંધનીય છે.

આ અંતિમ વર્ષ હોવાથી ગ્રામ વિકાસ માટે જે વિલેજ ડેવલપમેન્ટ પ્લાન બનાવ્યો છે તેમાંથી જ કામો હાથ ધરવા માટેનો આગ્રહ પણ તંત્ર દ્વારા રાખવામાં આવ્યો છે જે ઉલ્લેખનીય છે.


**તાત્કાલિક ભાડે/વેચાણથી જોઈએ છે**

1-5 BHK ફ્લેટ/બંગલો/ટેનામેન્ટ/પ્લોટ (Resi./Comm.)
200-5000 ft. ઓફીસ/દુકાન/શો-રૂમ/ગોડાઉન/શેડ
Bank/MNC Family/Bachelor/Hostel માટે ઈન્ફોસીટી,
સરગાસણ, કુડાસણ, રાયસણ, રાંદેસણ, વાવોલ, સે.-૧ થી ૩૦, GIDC
THE SPACE 93288 01440, 93287 01440
E-mail : npthespace@gmail.com


## જાહેર નિવિદા

ઈન્ટીગ્રેટેડ ડિસીઝ સર્વેલન્સ પ્રોગ્રામ (આઈ.ડી.એસ.પી.), આરોગ્ય વિભાગ, જિલ્લા પંચાયત, ગાંધીનગરના ઉપયોગ સારૂ નીચે જણાવેલ મુજબના સ્પેસીફીકેન ધરાવતી ક્લોરીન ટેબલેટ ખરીદવાની થાય છે. તો આ કામગીરી સાથે સંકળાયેલ પેઢીઓને તેઓના ભાવ સીલબંધ કવરમાં આ નિવિદા પ્રસિદ્ધ થયેથી દિન-૭માં નીચે જણાવેલ સરનામે આર.પી.એ.ડી.થી મોકલી આપવા જણાવવામાં આવે છે. રૂબરૂ અથવા કુરીયર કે સાદી ટપાલથી મળેલ ભાવપત્રકો ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

**સ્પેસીફિકેશન :**

૧. દરેક ટેબ. ૩૦ થી ૪૦ એમજી ક્લોરીન ધરાવતી ડિસ્પેરીબલ પ્રકારની હોવી જોઈએ.
૨. ભાવપત્રક સાથે ૫ થી ૧૦ ટેબ. સેમ્પલ તરીકે મોકલવાની રહેશે. સેમ્પલ વગરના ભાવપત્રકના ભાવ ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

**ભાવપત્રક મોકલવાનું સરનામુ :-**
જિલ્લા સર્વેલન્સ અધિકારીશ્રી (આઈ.ડી.એસ.પી.), ગ્રાઉન્ડ ફ્લોર, જિલ્લા પંચાયત, સેક્ટર-૧૭, ગાંધીનગર

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૧૬-૭-૨૦૧૮

સહી/
મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી
જિલ્લા પંચાયત-ગાંધીનગર.


www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ®**
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



**ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ**
ટચૂકડી જાહેર ખબર દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧



**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com